# રાજ્યમાં એક જ દિવસમાં ૭૬ કેસ વધતા ચિંતા

વધુ વિગતો પાન-૭ પર

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૦ | ૧૦ એપ્રિલ, ૨૦૨૦, શુક્રવાર; ચૈત્ર વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં કોરોનાનો કાળો કહેર

## કોરોના વાયરસના કેસ વધીને ૬૬૫૩ : મૃત્યુઆંક ૧૯૯

ન્યુ દિલ્હી,તા.૯

દેશમાં કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે ગુરૂવારે સવાર સુધી દેશમાં કુલ કોરોના વાયરસના કેસની સંખ્યા વધીને ૬૬૫૩ સુધી પહોંચી ગઈ છે, જેમાંથી ૪૭૨ કેસ એવા પણ છે દે સંપૂર્ણ રીતે સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. જ્યારે ૧૯૯ લોકો આ વાયરસના કારણે મોતને ભેટી ચૂક્યા છે. એક વ્યક્તિને માઈગ્રેટ કરવામાં આવ્યો છે. જેથી દેશમાં કુલ એક્ટિવ કોરોના વાયરસના મામલાઓની સંખ્યા વધીને ૬૬૫૩ થઈ ગઈ છે.

દેશભરમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે. અહીં અત્યાર સુધીમાં કોરોનાના ૧૧૩૫ કેસ નોંધાઈ ચૂક્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડુમાંથી ૭૩૮ કેસ નોંધાઈ ચૂક્યા છે. આ યાદીમાં ત્રીજા નંબર પર દિલ્હી છે જ્યાં અત્યાર સુધીમાં ૬૬૯ કેસ નોંધાઈ ચૂક્યા છે. આ ઉપરાંત તેલંગાણામાં ૪૨૭, રાજસ્થાનમાં ૩૮૧, ઉત્તર પ્રદેશમાં ૩૬૧, આંધ્ર પ્રદેશમાં ૩૪૮, કેરળમાં ૩૪૫ અને ગુજરાતમાં ૨૪૧ લોકો આ સંક્રમણની લપેટમાં આવી ચૂક્યા છે. દેશભરમાં કોરોના વાયરસથી સ્વસ્થ્ય થનારા લોકોની કુલ સંખ્યા ૪૭૨ છે. મહારાષ્ટ્રમાં જ સૌથી વધારે ૧૧૭ લોકો સ્વસ્થ્ય થઈને પોતાના ઘરે પહોંચી ગયા છે. ત્યારબાદ કેરળમાં ૮૩, તેલંગાણામાં ૩૫, કર્ણાટક અને હરિયાણામાં ૨૮-૨૮ અને ઉત્તર પ્રદેશમાં ૨૭ લોકો સ્વસ્થ્ય થયા છે. કોરોના વાયરસના કારણે દેશભરમાં અત્યાર સુધી કુલ ૧૬૬ના મૃત્યુ થયા છે. મહારાષ્ટ્રમાં ૭૨ લોકો મોતને ભેટી ચૂક્યા છે. મહારાષ્ટ્ર બાદ ગુજરાતમાં ૧૭ અને મધ્યપ્રદેશમાં ૧૩ લોકોના મોત નિપજ્યા છે.

## ઓરિસ્સામાં ૩૦ એપ્રિલ સુધી લોકડાઉન

ભુવનેશ્વર, તા. ૯

દેશમાં કોરોનાના કેસોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. કોરોનાથી પીડિત લોકોનો આંકડો સમગ્ર દેશમાં ૬૦૦૦થી ઉપર પહોંચી ચુક્યો છે. આ વાયરસથી ૧૭૮થી વધુ લોકોના મોત પણ થઈ ચુક્યા છે. સરકારે આ ખતરનાક વાયરસને ફેલાતા રોકવા માટે લોકડાઉન સહિતના તમામ પગલા લીધા છે છતાં સ્થિતિ બેકાબૂ થયેલી છે. કેસોની સંખ્યામાં થઈ રહેલા વધારા વચ્ચે હવે ઓરિસ્સાએ ૩૦મી એપ્રિલ સુધી લોકડાઉન વધારી દેવા માટે નિર્ણય લેતા આની ચર્ચા શરૂ થઈ ચુકી છે. ઓરિસ્સામાં હવે ૩૦મી એપ્રિલ સુધી લોકડાઉન રહેશે. અવધિને વધારનાર ઓરિસ્સા પ્રથમ રાજ્ય બની ગયું છે.

## ઈન્દોર, મુંબઈ, પુણે, ભોપાલ, સિવાન, ઉજ્જૈનમાં હાલત ખરાબ

**મુંબઈ સહિત છ શહેરોએ દેશની ચિંતા વધારી : હોટસ્પોટ તરીકે ઉભરેલા વિસ્તારોમાં કોરોના વાયરસ હવે ઝડપથી પગપેસારો કરી રહ્યો છે વાયરસને રોકવા તમામ પ્રયાસો છતાં કેસમાં નોંધાયેલ વધારો**

નવીદિલ્હી, તા. ૯

દેશમાં કોરોનાના મામલામાં સતત વધારો થઈ રહ્યો છે. કોવિડ-૧૯થી પિડિત લોકોનો આંકડો સમગ્ર દેશમાં વધી રહ્યો છે. આ જીવલેણ વાયરસના કારણે સ્થિતી વધુને વધુ ખતરનાક બની રહી છે. વાયરસના ફેલાવવાને રોકવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. જો કે દેશના કેટલાક રાજ્યોના શહેરોમાં વધી ગયેલા કોરોના વાયરસના કેસોના કારણે ધબકારા વધી ગયા છે. રાજ્ય સરકારોથી લઈને કેન્દ્ર સરકાર કોરોનાના ફેલાવાને રોકવા માટે વિવિધ પગલા લઈ રહી છે. ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર અને દિલ્હીમાં લોકો માટે ઘરમાંથી બહાર નિકળવા પર માસ્ક પહેરવાની બાબત ફરજિયાત કરી દીધી છે. ઈન્દોર, મુંબઈ, ભોપાલ અને સિવાન હવે કોરોનાના હોટસ્પોટ તરીકે ઉભરી રહ્યા છે. લોકડાઉન છતાં કેટલાક વિસ્તારો હોટસ્પોટ તરીકે આવ્યા છે. મહારાષ્ટ્રના મુંબઈ, પુણે, મધ્યપ્રદેશના ઈન્દોર અને બિહારના સિવાન શહેર કોરોનાના હોટસ્પોટ તરીકે રહ્યા છે. ઈન્દોરની સ્થિતી વધારે ખરાબ થઈ ગઈ છે. તમામ પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં કેસોની સંખ્યામાં એકાએક વધારો થયો છે. મધ્યપ્રદેશના ઈન્દોરમાં કોરોનાના કારણે હાલત વધારે ખરાબ થયેલી છે. બુધવારના દિવસે ઈન્દોરમાં કોરોનાના ૪૦ પોઝિટીવ કેસ સપાટી પર આવ્યા બાદ સંખ્યા વધીને હવે ૨૧૩ સુધી પહોંચી ગઈ છે. હજુ સુધી ઈન્દોરમાં કુલ ૨૨ લોકોના મોત થયા છે. ઈન્દોરમાં હોટસ્પોટવાળા વિસ્તારોમાં સતત નજર રાખવામાં આવી રહી છે. ઈન્દોરમાં સ્થિતી બગડી જવા પાછળ કેટલાક કારણોને જવાબદાર તરીકે ગણવામાં આવે છે. સરકાર મોડેથી જાગી છે.

● અનુસંધાન પાન-૭ પર

## મધ્યપ્રદેશમાં કોરોના પોઝિટીવ ડૉકટરના મોતથી ખળભળાટ

ઈન્દોર,તા.૯

મધ્યપ્રદેશના ઈન્દોરમાં કરોરોનાએ કહેર વર્તાવી દીધો છે. અહીં કોરોના પોઝિટીવ કેસની સંખ્યા ૨૧૩ પહોંચી ગઈ છે. ઈન્દોરમાં પણ કેટલાંય ડૉકટર્સ કોરોનાથી સંક્રમિત છે. શહેરમાં એક સંક્રમિત ડૉકટર્સનું મોત થયું છે. જિલ્લાના સીએમએચઓ એ તેની પુષ્ટિ કરી દીધી છે. તેની સાથે જ ઈન્દોરમાં મૃતકોની સંખ્યા ૨૨ પર પહોંચી ગઈ છે. આખા મધ્યપ્રદેશમાં ઈન્દોરમાં કોરોનાથી સૌથી વધુ મોત થયા છે.

## દિલ્હીમાં કુલ ૬૭૦ કેસ પૈકી ૪૨૬ જમાતના છે

નવી દિલ્હી, તા. ૯

દિલ્હીમાં બે દિવસમાં કોરોનાના કેસો ડબલ થયા છે. બીજી એપ્રિલના દિવસે દિલ્હીમાં કોરોના કેસોની સંખ્યા ૨૨૩ હતી જ્યારે ચોથી એપ્રિલે ૪૪૭ થઈ હતી. દિલ્હીમાં નિઝામુદ્દીન અને શાહદરા વિસ્તાર કોરોનાના હોટસ્પોટ તરીકે છે. તાપમાન વધવાની સાથે સાથે

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિક્વર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૫૪૪૦૭૮ | ૯૦૯૮૪ | ૪૮૨૩૨૯ |
| ભારત | ૬૬૫૩ | ૧૯૯ | ૬૦૨ |
| ગુજરાત | ૨૬૨ | ૧૭ | ૨૬ |
| ગાંધીનગર | ૧૩ | ૦૦ | ૦૩ |

## દુનિયામાં કોરોનાના કેસ ૧૫ લાખને પાર પહોંચ્યા

**દુનિયામાં હવે મૃત્યુઆંક ૮૮ હજારથી ઉપર : ૨૦૯ દેશોમાં કોરોના વાયરસના કારણે સ્થિતી વિકટ : યુદ્ધના ધોરણ દુનિયાના તમામ દેશોના પગલાઓ**






નવી દિલ્હી,તા. ૯

કોરોના વાયરસને ફેલાતા રોકવા માટે યુદ્ધના ધોરણે તમામ દેશો પગલા લઈ રહ્યા છે છતાં તેની સામે દુનિયાના તમામ દેશો કમ સે કમ હાલમાં તો નિસહાય બનેલા છે. કોરોના વાયરસના કારણે હજુ સુધી ૮૮ હજારથી વધારે લોકોના તો મોત થઈ ચુક્યા છે અને ૪૮ હજારથી વધારે લોકો જીવનમરણ વચ્ચે ઝોળા ખાઈ રહ્યા છે. આવી સ્થિતીમાં મોતનો આંકડો કેટલો પહોંચી શકે છે તેનો અંદાજ લગાવી શકાય છે. વિશ્વમાં કુલ રિક્વર થયેલા લોકોની સંખ્યા ૩૩૦૫૮૯ સુધી પહોંચી ગઈ છે. સ્થિતી કેટલાક દેશોમાં તો હજુ બેકાબુ બનેલી છે. જેમાં સ્પેન, અમેરિકા, ઈટાલી, ફ્રાન્સ અને જર્મનીનો સમાવેશ થાય છે. કોરોના કહેર હજુ જારી રહી શકે છે. દુનિયાના દેશો માની રહ્યા છે કે હજુ એપ્રિલના મહિના સુધી તેનો આતંક યથાવત રીતે જારી રહી શકે છે. કારણ કે કેસોની સંખ્યા વધી છે. હજુ ગંભીર રીતે અસરગ્રસ્ત રહેલા દર્દીઓની સંખ્યા હજારોમાં રહેલી છે. આવી સ્થિતીમાં દુનિયાના દેશમાં રિક્વરીમાં સમય લાગી શકે છે. અમેરિકા, ઈટાલી, સ્પેન સહિતના દેશોમાં સ્થિતી વણસી ગઈ છે. જ્યારે ચીન, દક્ષિણ કોરિયા અને જાપાન સહિતના દેશોમાં સ્થિતી હળવી કરવામાં આવી રહી છે. યુરોપમાં ઈટાલી બાદ હવે સ્પેન અમે અમેરિકા પણ ભારે મુશ્કેલી છે. સ્પેનમાં હવે ચીન કરતા વધારે કેસો થઈ ચુક્યા છે. આવી સ્થિતીમાં લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- વડોદરાના નાગરવાડા વિસ્તારમાં મોડીસાંજે માસ સેમ્પલીંગની કાર્યવાહી દરમિયાન એક સાથે ૧૭ નવા પોઝિટિવ કેસ આવતા રાજ્યનું કુલ આંકડો ૨૭૯ પર પહોંચ્યો.
- બ્રાજિલે ભારતની હનુમાનજી સાથે તુલના કરી સંજીવની આપવા બદલ આભાર વ્યક્ત કર્યો.
- અમેરિકાના પ્રમુખ ટ્રમ્પને ભારતના પ્રધાનમંત્રી મોદીએ જવાબ આપતા જણાવ્યું કે, કસોટીમાં જ મિત્રતા ઘનિષ્ઠ બને છે.
- અમેરિકામાં બેરોજગારીના દાવામાં ૬.૬. મિલિયનનો વધારો.
- સુરતમાં ૩ ડુપ્લીકેટ પાસ લઈ લોકડાઉનમાં બેજવાબદાર રીતે ફરતા બે પકડાયા.
- રેલવેએ આજે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, ૧૫મીથી ટ્રેન ચલાવવાની કોઈ યોજના નથી.
- સાઉદી અરેબિયાના શાહી પરિવારના ૧૬ સભ્યોને કોરોના પોઝિટિવ.
- રાજ્યમાં આજે જાહેનામા ભંગના ગુનાની સંખ્યા ૨૯૫૬ નોંધાઈ જ્યારે ૬૨૬૫ આરોપીઓની અટક કરાઈ હતી અને ૪૧૬૩ વાહનો જપ્ત કરાયા.
- દેશમાં સૌથી વધુ કોરોના પોઝિટિવ

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૧૩૪૬ |
| તામિલનાડુ | ૮૩૪ |
| દિલ્હી | ૭૨૦ |
| તેલંગણા | ૪૭૧ |
| રાજસ્થાન | ૪૩૦ |
| ઉત્તર પ્રદેશ | ૪૧૦ |
| મધ્ય પ્રદેશ | ૩૯૭ |
| આંધ્રપ્રદેશ | ૩૬૩ |
| કેરલ | ૩૫૭ |

## કોરોના સંકટને પહોંચવા રાજ્ય સરકાર માટે કેન્દ્રનું ઈમર્જન્સી પેકેજ

ન્યુ દિલ્હી,તા.૯

કોરોના વાઈરસ સંક્રમિત લોકોની સંખ્યા દેશમાં સતત વધી રહી છે. આવામાં કોરોનાથી લડવા માટે કેન્દ્ર સરકારે રાજ્યોની મદદ કરવા માટે પગલાં ભર્યાં હતાં. કેન્દ્ર સરકારે રાજ્યોની હેલ્થ સિસ્ટમમાં સુધારો કરવાના ઈરાદાથી રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને પૂરું ફંડ આપવાની મંજૂરી આપી હતી. આના માટે કેન્દ્ર સરકારે કોવિડ-૧૯ ઈમર્જન્સી રિસ્પોન્સ એન્ડ હેલ્થ સિસ્ટમ પ્રિપેર્ડનેસ પેકેજ જાહેર કર્યું હતું. આ પેકેજમાં કેન્દ્ર સરકાર દ્વારા પૂરેપૂરું ફંડ આપવામાં આવશે. નેશનલ હેલ્થ મિશનના ડિરેક્ટર વંદના ગુરનાની એ એક સરક્યુલર જારી કરીને કહ્યું હતું કે ૧૦૦ ટકાના સેન્ટ્રલ પ્રોજેક્ટને જાન્યુઆરી, ૨૦૨૦થી માર્ચ, ૨૦૨૪ સુધી ત્રણ તબક્કામાં એને લાગુ કરવામાં આવશે.

આ પ્રોજેક્ટ હેઠળ કોરોના વાઈરસ સંક્રમિત લોકોની સારવાર કરવી, તેમને ક્વોરાન્ટાઈન કરવા અને રાષ્ટ્રીય અને રાજ્યોની હેલ્થ સિસ્ટમને મજબૂત કરવી. એ સાથે આમાં મેડિકલ ઉપકરણો, દવાઓની ખરીદી, લેબોરેટરી બનાવવી અને બાયો-સિક્યોરિટીની તૈયારી સહિત દેખરેખની કામગીરીને મજબૂત કરવી સામેલ છે.

## લક્ષ્મણ રેખાને પાર ન કરવા મોદી સરકારનું સ્પષ્ટ સૂચન

**૧૩૦૦૦૦ સેમ્પલના હજુ સુધી ટેસ્ટ : દોઢ મહિનાના ગાળામાં પોઝિટિવિટી રેટ ૫ ટકા વચ્ચે છે : પીપીઈ, માસ્ક તેમજ વેન્ટીલેટરનો પુરવઠો શરૂ કરી દેવાયો**

નવી દિલ્હી, તા. ૯

દેશના જુદા જુદા રાજ્યોમાં કોરોનાના વધતા કેસો વચ્ચે ભારતની સ્થિતિના સંદર્ભમાં આજે આરોગ્ય મંત્રાલયમાં સંયુક્ત સચિવ લવ અગ્રવાલ દ્વારા માહિતી આપવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, છેલ્લા એક સપ્તાહથી સતત ૫૦૦થી પણ વધારે પોઝિટિવ કેસો દેશમાં દરરોજ સપાટી ઉપર આવી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૪૯થી પણ વધુ નવા કેસ સપાટી ઉપર આવ્યા છે. તેમણે કહ્યું હતું કે, છેલ્લા ૨૪ કલાકમાં ૧૭ દર્દીઓના મોત થયા છે જ્યારે દેશમાં કુલ મોતનો આંકડો ૧૭૮ પર પહોંચ્યો છે. તેમણે પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, હજુ સુધી ૪૭૩ લોકો કોરોનાથી રિકવર થઈ ચુક્યા છે. તેમને હોસ્પિટલમાંથી પણ રજા આપવામાં આવી છે. તેમણે એમ પમ કહ્યું હતું કે, પીપીઈનો ઉપયોગ એજ જગ્યા પર કરવામાં આવી રહ્યો છે જ્યાં જરૂર દેખાઈ રહી છે. પીપીઈ, માસ્ક અને વેન્ટીલેટરના સપ્લાયની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. ૧.૭ કરોડ પીપીઈનો ઓર્ડર આપી દેવામાં આવ્યો છે. ૪૯૦૦૦ વેન્ટીલેટરના ઓર્ડર અપાયા છે. આરોગ્ય મંત્રાલયે કહ્યું છે કે, પર્સનલ પ્રોટેક્ટિવ

● અનુસંધાન પાન-૭ પર

## બિલ ગેટ્સે બિહાર માટે ૧૫ હજાર કોરોના ટેસ્ટ કિટ મોકલી

પટણા,તા.૯

કોરોના વાયરસ વિરુદ્ધ જંગમાં માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સની સંસ્થા બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનને બિહારને મોટી રાહતરુપે મદદ મોકલી છે, આ ફાઉન્ડેશન તરફથી બિહારને ૧૫૦૦૦ કોરોના ટેસ્ટ કિટ મોકલવામાં આવી છે. સ્વાસ્થ વિભાગના એક અધિકારીએ આ માહિતી આપી હતી.

ફાઉન્ડેશન તરફથી પહેલા પણ બિહાર સરકારને અનેક પ્રકારની મદદ મળતી રહી છે. બિલ ગેટ્સ જાતે પણ બિહારની મુલાકાત લઈ ચૂક્યા છે .

## સેંસેક્સમાં ૧૨૬૬ પોઈન્ટનો સુધારો

**નવા પેકેજને લઇ ઉત્સુકતા વચ્ચે જોરદાર લેવાલી : સેંસેક્સ ૩૧૧૬૦ની સપાટીએ : સેંસેક્સ અને નિફ્ટીમાં ૧૩ ટકાનો સાપ્તાહિક સુધારો**

મુંબઈ, તા. ૯

શેરબજારમાં આજે કોરોના વાયરસના વધતા જતાં કેસ વચ્ચે પણ જોરદાર ઉછાળો નોંધાયો હતો. કોરોના વાયરસ રોગચાળાને લઈને દહેશત અકબંધ છે ત્યારે એમ પણ માનવામાં આવે છે કે, સરકાર દ્વારા વધુ કેટલાક નવા સ્ટીમ્યુલસ પેકેજ જાહેર કરવામાં આવનાર છે. કોરોના પણ ચરમસીમા પર છે તેવા અહેવાલ વચ્ચે શેરબજારમાં નવી આશા જાગી છે. આજે કારોબારના અંતે સેંસેક્સ ૧૨૬૬ પોઈન્ટ ઉછળીને અથવા તો ૪.૨૩ ટકા સુધી સુધારો થઈને ૩૧૧૬૦ની સપાટીએ રહ્યો હતો. એચડીએફસી અને એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, રિલાયન્સ ઈન્ડસ્ટ્રી અને મારુતિ જેવા ઈન્ડેક્સ હેવિવેઈટમાં જોરદાર લેવાલી જામી હતી જેના લીધે બીએસઈ સેંસેક્સ કારોબારના અંતે ૧૨૬૬ પોઈન્ટ ઉછળીને ૩૧૧૬૦ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટીએ ફરી એકવાર ૯૦૦૦ની સપાટી હાંસલ કરી હતી. નિફ્ટી ૪૬૩ પોઈન્ટ ઉછળીને ૯૧૧૨ની સપાટીએ રહ્યો હતો તેમાં ચાર ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. સાપ્તાહિક આધાર પર સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં ૧૩ ટકા સુધીનો ઉછાળો નોંધાયો હતો.

બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૩.૬૩ ટકાનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૧૩૭૪ રહી હતી જ્યારે એસએન્ડપી બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સમાં ત્રણ ટકાનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૦૨૯૪ રહી હતી. સેક્ટરલ મોરચા પર તમામ ઈન્ડેક્સમાં લેવાલી જામી હતી. નિફ્ટી ઓટો ઈન્ડેક્સમાં ૧૦.૫ ટકાનો ઉછાળો રહેતા તેની સપાટી ૫૫૬૯ પર પહોંચી હતી.